અપીલ અરજી નં.૧૨/૦૮–૦૯ તા.૧૬–૪–૦૮

અરજદારઃ શ્રી જમનભાઈ ગોરધનભાઈ કોટડીયાની
સામાવાળાઃડે.કમિશ્નર(પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન

# હુકમઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી જમનભાઈ ગોરધનભાઈ કોટડીયાની તા.૧૦–૯–૦૭ની અરજીથી ટેના.નં.૧૯ જે –૫૫–૧૨૦૫–૦–૦૦૧ વાળી મિલ્કતમાં શ્રી ધનુબેન કાંતિલાલ પ્રજાપતિનું નામ કયા પૂરાવાને આધારે દાખલ થયું તે પૂરાવાની નકલ આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૬–૪–'૦૮ ની અપીલ અરજી નં.૧૨/૨૦૦૮–૦૯

શ્રી જમનભાઈ ગોરધનભાઈ કોટડીયાની તા.૧૦–૯–૦૭ની અરજીથી ટેના.નં.૧૯ જે –૫૫–૧૨૦૫–૦–૦૦૧ વાળી મિલ્કતમાં શ્રી ધનુબેન કાંતિલાલ પ્રજાપતિનું નામ કયા પૂરાવાને આધારે દાખલ થયું તે પૂરાવાની નકલ આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોન કતારગામના પત્ર નં.એનઝેડ/આ.નં.૯૨૩ ૧૩–૧૧–૦૭ થી દસ્તાવેજ રેકર્ડ અત્રે ઓફિસમાં ઉપલબ્ધ નથી એમ જણાવવામાં આવેલ જેનાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૪–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલો તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૪ તા.૨૩–૪–૦૮ ના રોજ પાઠવવામાં આવેલ. એનઝેડ/એઆરડી/આ.નં.૫૨ તા.૨–૫–૦૮ ના રોજ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અનુસાર ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને ૧૯૯૭–૯૮ એસેસમેન્ટ રજીસ્ટરના આધારીત અને ત્યાર બાદ નામ ટ્રાન્સફરથી ૨૦૦૦–૦૧ એસેસમેન્ટ રજીસ્ટરના આધારીત રેકર્ડ ઉપર દાખલ નામની માહિતી પૂરી પાડવામાં આવેલ છે.પરંતુ તેના તુમારના દસ્તાવેજ પૂરાવાઓ અરજદારે માંગેલ તે રેકર્ડ ઉપર ઉપલબ્ધ નહી હોવાથી પૂરી પાડી શકાય તેમ નથી તેવો જવાબ પાઠવવામાં આવેલ છે. વિશેષમાં જાહેર માહિતી અધિકારી તરફથી કયા સમયે અને કયા પાસવર્ડથી નામ દાખલ થયેલ છે તે અંગેની કચેરીના ઈન્ફરમેશન સીસ્ટમ ડીપાર્ટમેન્ટની સહાય માંગતા સદર ખાતા ધ્વારા ઉકત વિગતો ઝોન કચેરીના દફતર ખાતેથી ડેટા એન્ટ્રીના ચેક લીસ્ટ આધારે ચકાસી શકાય. તેવો પ્રત્યુત્તર આપેલ પત્રની નકલ સામેલ કરેલ છે. તે અંગે જાહેર માહિતી અધિકારીકક્ષાએથી થયેલ કોઈ કાર્યવાહીની વિગતો આમેજ કરેલ નથી કે દફતરનો પ્રકાર દર્શાવી તે ઉપલબ્ધ નહીં હોવાનું કારણ દર્શાવેલ નથી.

અરજદાર તરફથી અપીલ અરજી લગભગ સાત માસથી પણ વધુ સમયના વિલંબથી કરવામાં આવે છે. જે અંગે કોઈ વાજબીપણું પણ રજુ કરેલ નથી. સદર બાબતે નં.આરટીઆઈ સેલ/૫૪ તા.૨૩–૪–૦૮ થી અરજદારને પત્ર પાઠવી અપીલ શા કારણથી ગ્રાહય રાખવી તેની સ્પષ્ટતા પણ માંગવામાં આવેલ જે અંગે અરજદાર તરફથી કોઈ સ્પષ્ટતા કરેલ નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" નામફેર અંગે જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનએ નિર્દિષ્ટ સમયગાળાની આનુષાંગિક દફતરની ફેર ચકાસણી કરી જરૂર જણાયે આરટીઆઈ એકટની કલમ–૧૧ સહિતની કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અત્રેની જાણ હેઠળ દિન–૭ માં માહિતી પૂરી પાડવા ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ જણાવવામાં આવે છે. "

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (૫અનેઈ)અને જાહેર માહિતી અધિકારી,કતારગામ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી જમનભાઈ ગોરધનભાઈ કોટડીયા,